જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૬/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૩૮/૧૮

## વસ્ત્રાલ ન્યુ મણિનગર ચાર માળિયા પાસે સને ૨૦૧૪ માં ફોટોગ્રાફર ના ખુન ના ગુન્હામાં આજીવન કેદની સજા પામેલ અને પેરોલ જમ્પ થયેલ આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ.

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા સાહેબ નાઓના સ્કોડ ના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ નાઓ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે રમેશ ઉર્ફે રમલો S/O ઇશ્વરદેવ યાદવ ઉવ.૨૫ રહે. મ.નં. ૨, પ્રભુ પાર્ક સોસાયટી, દરબાર નગર પાછળ, રામોલ રોડ, સીટીએમ, અમદાવાદ શહેર નાને તા.૦૨/૦૬/૨૦૧૮ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા સને ૨૦૧૪ માં રામોલ ન્યુ મણિનગર પાસે ચારમાળિયા પાસે પોતાના સાગરિતો સાથે મળી ફોટોગ્રાફર પ્રેમવીરસિંહ નું ખુન કરેલ જે કેસમાં આજીવન સજા થયેલ છે. અને સને ૨૦૧૪ થી પોતે સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી નં. ક/૧૫૪૩૩ થી સાબરમતી સેન્ટ્રલ જેલમાં રહેતો હતો અને પોતાના કેસમાં અપીલ કરવા સારુ જાન્યુઆરી મહિનામાં દિન-૭ પેરોલ રજાની માંગણી કરી પેરોલ રજા ઉપર છુટેલ બાદ પરત સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે હાજર થયેલ નહીં અને પેરોલ જમ્પ થઇ પોતાના ગામમાં જતો રહેલ અને આજદિન સુધી હાજર થયેલ નહીં જેથી સદરી આરોપીને ડીટેઇન કરી સાબરમતી સેન્ટ્રલ જેલમાં સોંપવાની તજવીજ કરવામાં આવેલ છે.

### પકડાયેલ આરોપીનો ગુનાહીત ઇતિહાસઃ-

પકડાયેલ આરોપી અગાઉ (૧) સને ૨૦૧૧ માં ઓઢવ પોલીસ સ્ટેશનમાં અપહરણ ના કેસમાં પકડાયેલ છે તથા (૨) સને ૨૦૧૨ માં ખોખરા પોલીસ સ્ટેશનમાં ખુન ના કેસમાં પકડાયેલ છે.

# ગુમ થયેલ ૧૦ વર્ષના બાળકના વાલીવારસને ૨૪ કલાકની અંદર શોધી કાઢતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી ગુમ થયેલા બાળકોને શોધવા સારૂ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબે ગુમ થયેલ બાળકોને શોધવા સારૂ સુચના આપેલ.જે સુચના અનુસંધાને રામોલ ચાર રસ્તા પાસેથી એક બાળક નામે રેહાન સ/ઓ મોઈનુદ્દીન જાતે શેખ ઉ.વ ૧૦ ના આશરા નાનો મળી આવતા તેના વાલીવારસની તપાસ સારૂ સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના અહેકો દીલીપસિંહ સોબરનસિંહ સાથે ગુમ થયેલ બાળક રેહાન સ/ઓ મોઈનુદ્દીન શેખને સાથે રાખી અમદાવાદ શહેરમાં તપાસ કરતા આજરોજ તા:૦૧/૦૬/૧૮ ના રોજ સદર બાળકના ફુઆ મોહંમદસાજીદ અહેમદહુસેન શેખ ઉ.વ ૪૦ રહે- મ.નં ૨, સરતાજ રો-હાઉસ, અલહમ્દો મસ્જીદ બેરલ માર્કેટ, દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ મળી આવતા તેઓને સદર બાળકનો કબ્જો સોંપેલ છે.આમ ૧૦ વર્ષના ગુમ થયેલ બાળક રેહાનના વાલીવારસને ૨૪ કલાકમાં શોધી કાઢી જીઆઈડીસી વટવા પોલીસે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે.



## **જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :**

**(૧)**

**પાસા અટકાયતીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ સમીરખાન સ/ઓ શહેઝાદખાન મૌઝુદ્દીન પઠાણ ઉ.વ-૨૦ રહે-બ્લોક નં-૬૮/૨૧૬૨ સદભાવનાનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ વટવા પો.સ્ટેફ.ગુ.ર.નં-૭૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફઘાતકીયવર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબ તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૨/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફ ઘાતકીય વર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/ ૪૧૬/૧૮ તા:૦૧/૦૬/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તેમજ એ.એસ.આઇ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા સ્ટાફના માણસો વૉચમાં રહી મળી આવતા પકડી લઈ તા:૦૧/૦૬/૧૮ ના ક:૨૦/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

**(૨)**

**પાસા અટકાયતીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ વસીમખાન સ/ઓ બહેરામખાન મહેરાબખાન પઠાણ ઉ.વ-૩૩ રહે-૨૧૮૩ અબ્દાલવાડ રંગાટીગલી આસ્ટોડીયા દરવાજા અંદર ખાડીયા અમદાવાદ નાનો "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતો હોય જેની વિરુધ્ધ વટવા પો.સ્ટેફ.ગુ.ર.નં-૭૦/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફઘાતકીયવર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબ તેમજ જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં-૧૨/૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ- ૩, ૫, ૬(ખ), ૭, ૮(૨),(૩) મુજબ ધી પશુતરફ ઘાતકીય વર્તન અટકાવવાના કાયદાની કલમ-૧૧(ઈ),(એલ) ધી બી પી એમ સી એક્ટ કલમ-૩૩૫,૩૩૬ મુજબના ગુનાઓ દાખલ થયેલ હોય.સદરી આરોપી વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૪૧૮/૧૮ તા:૦૧/૦૬/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તેમજ એ.એસ.આઇ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા સ્ટાફના માણસો વૉચમાં રહી મળી આવતા પકડી લઈ તા:૦૧/૦૬/૧૮ ના ક:૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

**રામોલ પોલીસ સ્ટેશન :**

## ઇગ્લીંશ દારૂની હેરાફેરી કરતા ઇસમોને કિ.રૂ. ૨,૭૯,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

## ગણનાપાત્ર

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગારની બદી નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અમોએ પણ સર્વે સ્કોડના માણસોને આવી પ્રવૃતી કરતા ઇસમોની વિરુધ્ધ કાર્યવાહી કરવા સુચના કરેલ જે અનુસંધાને આજરોજ સર્વે સ્કોડના પોસઇશ્રી એ.ઓ.ભરવાડ સાહેબ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા અને દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮/૪૫ વાગે રામોલ રોડ આઇ ડીવીઝન પો.સ્ટેશન પાસે કેનાલ પાસે આવતા સાથેના પોકો સતીષકુમાર બાબુભાઇ નાઓએ પો.સ.ઇશ્રી એ.ઓ.ભરવાડ નાઓને ખાનગી બાતમી હકીક્ત આપેલ કે એક સફેદ કલરની ટાટા ઇન્ડીગો કાર જે ટેક્ષી પાર્સીગ જેનો નંબર જી.જે.૦૧.ડી.ઝેડ ૯૬૯૪ નો છે તેનો ચાલક તેના કબજાની ગાડીમાં કેટલોક ગેર કાયદેસરનો ઇગ્લીશ દારુનો જથ્થો રાખીને રામોલ ગામ રીંગરોડ તરફથી આવીને અત્રે થઇને ખોખરા તરફ જનાર છે જે બાતમી હકીક્ત આધારે

આરોપી:- (૧) વિજય સન/ઓફ સેલ્વમ જાતે મુદલીયાર ઉવ ૨૪ રહે- મનં ૫/એ મારુતીનંદન ફ્લેટ ફીજીકલ ગ્રાઉડની સામે ખોખરા અમદાવાદ

(૨) ગોપી સન/ઓફ આદિમુગમ જાતે કવંડર ઉવ ૩૭ રહે મનં. ૯૯/૭૬૯ ગુજરાત હાઉસીગ બોર્ડ ખોખરા અમદાવાદ

(૩) અક્ષયભાઇ મહેંદ્રભાઇ ચાવડા ઉવ.૨૧ રહે. ૨/૪૩ જુના સ્લ્મા ક્વાટર્સ મેથોડીસ ચર્ચની સામે મણીનગર પુર્વ ખોખરા અમદાવાદ શહેર

નાઓના કબ્જાની ઇન્ડીગો કારમાંથી અલગ અલગ બ્રાંડની ઇગ્લીશ દારૂની બોટલ ૧૮૦ નંગ કિ.રૂ- ૭૨,૦૦૦/ તથા ઇન્ડીગો ગાડીની કિરૂ ૨,૦૦,૦૦૦/ તથા મો.ફોન નંગ ૦૨ કિરૂ ૭,૫૦૦/ મળી કુલ્લે રુપિયા ૨,૭૯,૫૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીઓને તા.૦૧/૦૬/૧૮ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી અટક કરી આગળની વધુ તપાસ પોસઇ એ.ઓ.ભરવાડ નાઓએ હાથ ધરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"મેઘાણીનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "મેઘાણીનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.












નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.